**મહે. એડી. જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ શ્રી ની કોર્ટમાં, અમરેલી**

**ફોજદારી કેસ નં. ૨૫૯૩/૨૦૨૨**
**આંક – .........................**

**ફરીયાદી** :– શ્રી સરકાર

વિરૂધ્ધ

**આરોપી** :– (૧) જયંતિલાલ બચુભાઈ વાઘેલા
(૨) ભનુભાઈ ચતુરભાઈ વાડવાડીયા
(૩) ચંદુભાઈ દલુભાઈ સોલંકી
(૪) વિશાલભાઈ બાબુભાઈ વાવડીયા
(૫) કમલાબેન જયંતીભાઈ વાઘેલા
(૬) શિતલબેન દીનેશભાઈ વાઘેલા
(૭) કસ્તુરીબેન સાગરભાઈ સોલંકી
(૮) આણંદભાઈ વીનુભાઈ વાડવડીયા
(૯) નનકુભાઈ શાંતિભાઈ ઓગાણીયા
તમામ રહે. અમરેલી

**ગુન્હો** :– ગુજરાત જુગાર ધારા પ્રતિબંધ અધીનીયમની કલમ ૧૨.

**–:: ચુકાદો ::–**

(૧) હાલના કામની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપીઓ વિરૂધ્ધ ગુજરાત જુગારધારા પ્રતિબંધ અધીનીયમની કલમ–૧૨ મુજબનું તહોમત છે. ફરીયાદ દાખલ થયા બાદ, ત.ક.અ.ને આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ રજુ કરવામાં આવેલ અને તે મુજબ ગુન્હાનું સંજ્ઞાન લઈ આરોપીઓ વિરૂધ્ધ પ્રોસેસ કાઢવામાં આવેલ, જે બજી આવતા આજરોજ આરોપીઓ કોર્ટ સમક્ષ હાજર થયેલ છે. આરોપીઓને ક. ૨૦૭, સીઆર.પી.સી.ની જોગવાઈ મુજબ કેસ પેર્પસની નકલો આપવામાં આવેલ. ત્યારબાદ, ક. ૨૫૨, સીઆર.પી.સી. મુજબ આરોપીઓની પ્લી લેતા તેઓએ ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે અને વધુમાં તેઓએ એવુ પણ જણાવેલ છે કે તેઓનો આ પ્રથમ ગુન્હો છે અને તેઓ ગરીબ વર્ગનાં છે, રોજ મજુરી કરી તેમનું તથા તેમના પરીવારનું ગુજરાન ચલાવે છે અને ટ્રાયલ દરમ્યાન તેઓને રોજબરોજ કોર્ટમાં આવવું પડે તો તેઓને મજુરીમાં નુકશાની થાય.

(૨) આરોપીઓની નબળી આર્થિક પરિસ્થિતિ તેમજ આજરોજની મુદતે આરોપીઓ હાજર રહી ગુનો કબુલ કરેલ હોય, **ગુજરાત રાજ્ય વિ. નટવર હરચંદજી ઠાકોર** ના ચુકાદામાં નામ. વળી અદાલત ધ્વારા પ્રસ્થાપીત કરવામાં આવેલ સિધ્ધાંતોને ધ્યાને લઈ, નકકી કરેલ ઓછામાં ઓછી સજા કરતા પણ ઓછી સજા કરી અને ઓછું દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનો હિત જળવાય રહેશે અને તમામ પાસાઓને ધ્યાને લેતા, નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે:–

**-:: હુકમ ::-**

(૧) આરોપીઓને સીઆર.પી.સી. કલમ-૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨) સજારૂપે દરેક આરોપીને રૂ. ૨૦૦/- નો દંડ (કુલ રૂા.૧૮૦૦/-) નો હુકમ કરવામાં આવે છે. આરોપી દંડની રકમ ન ભરે તો આરોપીને દિન - ૫ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલ અંગે, અપીલ સમય વિત્યા બાદ, અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય, તો તે હુકમ કાયમ કરવામાં આવે છે અને બાકીના મુદામાલ અંગે, ક્રિમીનલ મેન્યુઅલની જોગવાઈ મુજબ, બિનકિંમતી મુદ્દામાલ નાશ કરવાનો અને કિંમતી મુદામાલ સરકાર ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ તા. ૧૮મી માહે જુલાઈ ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવી જાહેર કર્યો.

**તા. ૧૮/૦૭/૨૦૨૩**
**અમરેલી.**

**(એલ.આઈ.વઘવા)**
**એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ (ફ.ક.)**
**અમરેલી.**
**યુ.આઈ.સી. - જીજે૦૧૭૦૦**